અપીલ અરજી નં.૨૭૪ તા .૧૯–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૯–૮–૧૧ની અરજીથી મુદ્દા નં (૧) બમરોલી રોડ,મ.ન.પા.ના ડેપોની સામે મનહર ડાઈગની બાજુમાં બાંધકામ તથા પતરાના સેડની વિગતવાર, પરવાનગી, રજાચિઠ્ઠી અને કાયદેસરતાની માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૭૪/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૯–૮–૧૧ની અરજીથી મુદ્દા નં (૧) બમરોલી રોડ,મ.ન.પા.ના ડેપોની સામે મનહર ડાઈગની બાજુમાં બાંધકામ તથા પતરાના સેડની વિગતવાર, પરવાનગી, રજાચિઠ્ઠી અને કાયદેસરતાની માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં.સા.ઝોન/ટેક/૩૮૦ તા. ૧૨–૯–૧૧થી મુદ્દા નં.(૩) ની દફતરી તપાસમાં હાજર નહીં રહેવા બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૯– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, **મુદ્દા નં. (૩) ની માહિતી અંગે પુરક વિગતો,** વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે તપાસણીના પત્ર અન્વયે થયેલ કાર્યવાહી, ન થઈ શકવા માટે વાજબીપણું જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૪૮ તા.૨૯–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને તા. ૧૯–૯–૧૧ના રોજ તપાસણી માટે ગયેલ કે કેમ ? શું કાર્યવાહી થયેલ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. જયારે અરજદાર તરફથી પુરક વિગતોના પાઠવેલ પત્રમાં તપાસણી માટે ગયેલ પરંતુ જાહેર માહિતી અધિકારી કે શહેર વિકાસ ઈજનેર સાવંત પટેલ હાજર રહેલ નહીં તે બાબતે પૂર્તતા કરતો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૯–૮–૧૧ ની અરજીથી (૧) બમરોલી રોડ,મ.ન.પા.ના ડેપોની સામે મનહર ડાઈગની બાજુમાં(૨) ઉન પાટિયા ઉન પોલીસ ચોકીને શોપીંગ દુકાનો (૩) ના દીપ વિદ્યાલય પાંડેસરા સ્થિત સી .ઓ.પી.ની જગ્યામાં બાંધકામ અંગેની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૩૧૮,૩૨૦ તા.૨૯–૮–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે તથા પત્ર નં.સા.ઝોન/ટેક./૩૮૦ તા.૧૨–૯–૧૧ ના રોજ અરજદારને તા.૧૯–૯–૧૧ ના રોજ આપેલ ઈન્સ્પેકશન બાબતે સંબધિત ઈજનેર તેમજ જાહેર માહિતી અધિકારી હાજર નહીં રહેવા બાબતે અરજદારે મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૯–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં (૧) બમરોલી રોડ,મ.ન.પા.ના ડેપોની સામે મનહર ડાઈગની બાજુમાં બાંધકામ તથા પતરાના સેડની વિગતવાર, પરવાનગી, રજાચિઠ્ઠી અને કાયદેસરતાની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી બમરોલી રોડ, મહાનગપાલિકાના ડેપોની સામે મનહર ડાઈગની બાજુના બાંધકામને ઉધનાઝોન કક્ષાએથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી પરંતુ પત્ર નં.સા.ઝોન/ટેક./૩૦૯૩ તા.૧૧–૭–૧૧ થી મનાઈ હુકમ તથા પત્ર નં.સા.ઝોન/ટેક./ ૩૦૯૪ તા.૧૧–૮–૧૧ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે તથા તા.૧૭–૮–૧૧ ના રોજ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) ઉન પાટીયા ઉન પોલીસ ચોકીને અડીને ઘણી દુકાનો માટે શોપીંગ ટાઈપ બનાવેલ દુકાનોની પરવાનગી કાયદેસરતા, રજાચિઠ્ઠીની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉન પાટીયા ઉન પોલીસ ચોકીની બાજુમાં આવેલ દુકાનોના બાંધકામની ઉધનાઝોન કક્ષાએથી કોઈ પરવાનગી આપવામાં આવેલ ન હોવાનું ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં જણાય છે. (૩) નવદીપ વિદ્યાલય પાંડેસરા સ્થિત ટાવર સીઓપીની જગ્યામાં ગેરકાયદેથી લાગવેલ છે તેની સંપૂર્ણ માહિતી તથા આ ટાવર બાબતે કમિ.શ્રીનો પરિપત્ર નં.ટીડીઓ/૪૮૪૯ તા.૨૭–૩–૦૨ , પરીપત્ર નં.ટીડીઓ/૧૫૦૯ તા.૨૨–૪–૦૭ માં જણાવ્યા મુજબનો અમલ થતા જેમાં જણાવેલ તમામ શરતોનું પાલન થયેલ ન થયેલ તેની સંપૂર્ણ માહિતી તથા શરતોનું પાલન ન થયેલ હોય તો અમલ ન કરાવનાર જે તે જવાબદાર

અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેમની અરજીના મુદ્દા નં.૩ માં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતમાં તેમણે માંગેલ સંપૂર્ણ માહિતી અંગે અગાઉથી સમય મેળવી ઉધનાઝોન કચેરીએ નિયમાનુસાર રેકર્ડ ચકાસણી કરી શકશો. તેવું જણાવેલ છે. ત્યાર બાદ પત્ર નં.સા.ઝોન/ટેક./૩૮૦ તા.૧૨–૯–૧૧ થી વરાછાઝોન કચેરીએ તા.૧૯–૯–૧૧ ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન રૂબરૂ ચકાસણી અંગે હાજર રહેવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં.સા.ઝોન/ટેક/૩૮૦ તા. ૧૨–૯–૧૧થી મુદ્દા નં.(૩) ની દફતરી તપાસમાં હાજર નહીં રહેવા બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૯–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં લાગત અધિકારીઓ હાજર રહેલ નહીં અને જેના કારણે તપાસણી નહીં થઈ શકવાના કારણો અન્ય જે કામગીરીમાં વ્યસ્ત હોય તેવા પુરાવાની નકલ સહિત અને રજા ઉપર હોય તો રજાચિઠ્ઠી મજુંરીની નકલ અપાવવી તેવી રજૂઆત અરજદારે કરેલ છે. જે અંગે અત્રેથી બાબતે અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ/૮૪૮ તા.૨૯–૯–૧૧ થી બંને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદારે તા. ૧૯–૯–૧૧ના રોજ તપાસણી માટે ગયેલ કે કેમ ? શું કાર્યવાહી થયેલ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે અત્રેથી મોકલાવેલ પત્રમાં તપાસણી માટે ગયેલ પરંતુ જાહેર માહિતી અધિકારી કે શ.વિ. ઈજનેર સાવંત પટેલ હાજર રહેલ નહીં જેથી જે દાદ માંગી છે. તેને ધ્યાને લઈ હુકમ કરશો. તેવી અરજદારે રજૂઆત કરેલ છે. અરજદારની રજૂઆતને ધ્યાને લેતાં તપાસણી સમયે લાગત અધિકારી/કર્મચારી હાજર રહી શકે તેમ ન હોય તો અન્ય કર્મચારીની વ્યવસ્થા કરવાની રહે અન્યથા અરજદારને તપાસણી અંગની બીજી મુદત આપતો પત્ર કે તપાસણી મુલત્વી રાખેલ છે અને તે અંગે પુનઃ તપાસણી અંગે ફરીથી જણાવવામાં આવશે તેવી જાણ કરવાની રહે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી તેવો કોઈ પત્ર પાઠવેલ હોય તેવી પૂરક વિગતોમાં જણાવેલ નથી. કે તેમનો પક્ષ પણ રજૂ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૯–૮–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. પરંતુ અપીલમાં તપાસણી નહીં મળ્યાની રજૂઆત બાબતે અરજદારને તપાસણીમાં જણાવેલ સમયે તપાસણી અંગે વ્યવસ્થા કે તેની જાણ બાબતે હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવા તથા પુનઃ તપાસણી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ